સ્પેને આર્જેન્ટિનાને હરાવી જીત્યો ફીફા વર્લ્ડકપનો ખિતાબ

સ્પેન બીજી વખત બન્યું વર્લ્ડ ચેમ્પિયન ફેરાન ટોરેસે એક્સ્ટ્રા ટાઈમમાં કર્યો નિર્ણાયક ગોલ

મેસીનું સતત બીજો વર્લ્ડકપ જીતવાનું સપનું રોળાયું, મેચ બાદ ભાવુક થયો

એન્જો ફર્નાન્ડિઝને રેડ કાર્ડ મળતા આર્જેન્ટિના એક્સ્ટ્રા ટાઈમમાં 10 ખેલાડી સાથે રમ્યું

ઈસ્ટ રધરફોર્ડ (યુએસએ), તા. 20 (એપી): અમેરિકાના ઈસ્ટ રધરફોર્ડ ખાતે રમાયેલી ફીફા વર્લ્ડકપ 2026ની મહાફાઈનલ મેચમાં સ્પેને વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિનાને એક્સ્ટ્રા ટાઈમમાં 1-0થી હરાવીને બીજી વખત વર્લ્ડકપનો ખિતાબ પોતાના નામે કર્યો છે. સ્પેન માટે ફેરાન ટોરેસે 106મી મિનિટે કરેલો એકમાત્ર ગોલ મેચનો નિર્ણાયક ગોલ સાબિત થયો હતો. મેસી માટે તેનો સંભવિત છેલ્લો વર્લ્ડકપ નિરાશાજનક રહ્યો હતો અને મેચ પૂરી થતાં જ તે ભાવુક થઈને રડી પડ્યો હતો.

બીજા હાફના એક્સ્ટ્રા ટાઈમમાં આર્જેન્ટિનાના એન્ઝો ફર્નાન્ડિઝને બીજી યલો કાર્ડ મળતાં રેડ કાર્ડ આપી બહાર મોકલવામાં આવ્યો હતો, જેના કારણે આર્જેન્ટિનાને 10 ખેલાડીઓ સાથે રમવાની ફરજ પડી હતી. 106મી મિનિટે સેકન્ડ હાફના સબસ્ટિટ્યૂટ ખેલાડી ફેરાન ટોરેસે બોક્સમાં મળેલી તકનો ઉપયોગ કરીને શાનદાર ગોલ ફટકાર્યો હતો.

આ ઉપરાંત સ્પેને પોતાની અજેય કૂચ જાળવી રાખી છે, જે હવે છેલ્લા 38 મેચો (29 જીત અને 9 ડ્રો)થી અજેય છે.

આ સાથે 48 ટીમો અને 104 મેચો ધરાવતો આ ઈતિહાસનો સૌથી મોટો વિશ્વકપ સંપન્ન થયો હતો. સ્પેનના ખેલાડીઓએ રનર-અપ બનેલી આર્જેન્ટિનાની ટીમને સ્ટેજ પર મેડલ મેળવવા જતાં પહેલાં ગાર્ડ ઓફ ઓનર આપીને સન્માનિત કરી હતી.

સ્પેનનો સૌથી ઓછા ગોલ ખાવાનો રેકોર્ડ

સ્પેનની મજબૂત ડિફેન્સે આખી ટૂર્નામેન્ટમાં 8 મેચોમાં માત્ર 1 ગોલ સ્વીકાર્યો હતો, જે વિશ્વકપના ઇતિહાસમાં ચેમ્પિયન ટીમ દ્વારા સૌથી ઓછા ગોલ ખાવાનો નવો રેકોર્ડ છે. 65 વર્ષની ઉમરે સ્પેનના કોચ લુઇસ ડે લા ફુએન્ટે વિશ્વકપ જીતનારા સૌથી ઉમરલાયક મેનેજર બન્યા છે.

સ્પેન મહિલા અને પુરુષ ફુટબોલ બંનેમાં ચેમ્પિયન

આ જીત સાથે સ્પેને એક અનોખો ઐતિહાસિક રેકોર્ડ પણ સર્જ્યો છે. સ્પેન મહિલા ટીમ (2023) અને પુરુષ ટીમ (2026) એમ એક જ સમયે બંને વર્લ્ડકપ ટાઇટલ ધરાવનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.

માર્ટિનેઝનો સૌથી વધુ સેવ કરવાનો રેકોર્ડ

મેચમાં આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે 12 શાનદાર સેવ કરીને વર્લ્ડકપ ફાઇનલમાં સૌથી વધુ સેવ કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો, પરંતુ તે પોતાની ટીમને હારથી બચાવી શક્યો નહોતો.

એમબાપ્પે ફરી ગોલ્ડન બૂટ વિજેતા, રોડ્રીને ગોલ્ડન બોલ

સ્પેને તમામ મુખ્ય વ્યક્તિગત એવોર્ડ્સ પર કબજો કર્યો

ઈસ્ટ રધરફોર્ડ, તા. 20 (એપી): સ્પેને વર્લ્ડકપ ટ્રોફી જીતવાની સાથે-સાથે ટૂર્નામેન્ટના તમામ મુખ્ય વ્યક્તિગત પુરસ્કારો પર પણ પોતાનો કબ્જો જમાવ્યો છે. માન્ચેસ્ટર સિટીના મિડફીલ્ડર અને સ્પેનના વાઈસ કેપ્ટન રોડ્રીને ટૂર્નામેન્ટના સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે 'ગોલ્ડન બોલ' એનાયત કરવામાં આવ્યો હતો. ઘૂંટણની સર્જરીમાંથી વાપસી કરનાર રોડ્રીએ કોઈ ગોલ કે અસિસ્ટ કર્યો ન હતો પણ આખી ટૂર્નામેન્ટમાં 94% સચોટતા સાથે સૌથી વધુ 753 પાસ આપ્યા હતા. ગોલ્ડન બોલની રેસમાં લિયોનલ મેસીને 'સિલ્વર બોલ' અને કિલિયન એમબાપ્પેને 'બ્રોન્ઝ બોલ' મળ્યો હતો.

એવોર્ડ	વિજેતા ખેલાડી	દેશ
ગોલ્ડન બોલ	રોડ્રી	સ્પેન
સિલ્વર બોલ	લિયોનલ મેસી	આર્જેન્ટિના
બ્રોન્ઝ બોલ	કિલિયન એમબાપ્પે	ફ્રાન્સ
ગોલ્ડન બૂટ	કિલિયન એમબાપ્પે (10 ગોલ)	ફ્રાન્સ
ગોલ્ડન ગ્લોવ	ઉનાઈ સિમોન	સ્પેન
બેસ્ટ યંગ પ્લેયર	પાઉ કુબારસી	સ્પેન

સ્પેનના ગોલકીપર ઉનાઈ સિમોને આખી ટૂર્નામેન્ટની 8 મેચોમાંથી 7 મેચોમાં એકપણ ગોલ ન સ્વીકારીને રેકોર્ડ સર્જ્યો હતો, જેના માટે તેને 'ગોલ્ડન ગ્લોવ' એવોર્ડ મળ્યો હતો. જ્યારે 19 વર્ષીય ડિફેન્ડર પાઉ કુબારસીએ લામિન યમાલને પાછળ છોડીને 'બેસ્ટ યંગ પ્લેયર'નો એવોર્ડ પોતાના નામે કર્યો હતો.

બીજી તરફ, ફ્રાન્સના સ્ટાર ખેલાડી કિલિયન એમબાપ્પેએ 10 ગોલ અને 4 અસિસ્ટ સાથે સતત બીજી વખત 'ગોલ્ડન બૂટ' એવોર્ડ પોતાના નામે રાખ્યો હતો. તેણે ત્રીજા સ્થાન માટેની મેચમાં ઇંગ્લેન્ડ સામે 2 ગોલ કરીને આ સિદ્ધિ મેળવી હતી. મેસીએ આ ટૂર્નામેન્ટમાં 8 ગોલ કર્યા હતા, પરંતુ ફાઇનલમાં તે એકપણ ગોલ કે અસિસ્ટ કરી શક્યો ન હતો.

મેચ પૂરી થયા બાદ સ્પેન અને આર્જેન્ટિનાના ખેલાડીઓ વચ્ચે હાથાપાઈ

ફીફા વર્લ્ડકપ ફાઇનલમાં આર્જેન્ટિના પર મેળવેલી જીત બાદ સ્પેનનો ઉજવણીનો માહોલ મેદાન પર થયેલી હિંસક ઝઘડાથી વિવાદિત બન્યો હતો. મેચની આખરી વ્હીસલ વાગતાની સાથે જ બંને ટીમોના ખેલાડીઓ વચ્ચે તંગદિલી સર્જાઈ હતી અને બંને ટીમના ખેલાડીઓ વચ્ચે ભારે ખેંચતાણ અને ધક્કામુક્કી જોવા મળી હતી. વીડિયો રિપ્લેમાં આર્જેન્ટિનાના ડિફેન્ડર લેઆન્ડ્રો પેરેડેસ સ્પેનના એરિક ગાર્સિયાનું ગળું દબાવતો અને બાદમાં વચ્ચે પડેલા સબસ્ટિટ્યૂટ ખેલાડી ગાવીને ધક્કો મારી જમીન પર ફેંકી દેતો જોવા મળ્યો હતો. આર્જેન્ટિનાના કોચ લિયોનલ સ્કાલોની અને અન્ય ખેલાડીઓએ વચ્ચે પડીને મામલો થાળે પાડ્યો હતો. આ ઘટના અંગે ફીફા તરફથી કોઈ સત્તાવાર ટિપ્પણી આવી નથી અને દોષિત ખેલાડીઓ પર શિસ્તભંગના પગલાં લેવાશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી.

આર્જેન્ટિનાના ખેલાડીઓએ સ્પેનના વિજયી જશ્ન તરફ પીઠ ફેરવી

ન્યૂ જર્સીના મેટલાઇફ સ્ટેડિયમમાં સ્પેને ફીફા વર્લ્ડકપ ટ્રોફી ઊંચકી ત્યારે આર્જેન્ટિનાના ખેલાડીઓએ પરંપરાથી વિપરીત વર્તન કર્યું હતું. રનર-અપ મેડલ મેળવ્યા બાદ લિયોનલ મેસી અને તેની ટીમે વિજેતા સ્પેનની ઉજવણી જોવાને બદલે પોતાના ફેન્સ તરફ મોં કરીને ઊભા હતા, તેમણે સ્પેનના ખેલાડીઓ તરફ પીઠ ફેરવી દીધી હતી જેઓ ટ્રોફી સાથે ઉજવણી કરી રહ્યા હતા. મેચ પૂરી થયા બાદ બંને ટીમો વચ્ચે બોલાચાલી અને હાથાપાઈ પણ થઈ હતી.

યમાલ, પોરો, વિલિયમ્સ અને ટોરેસની શાનદાર યોજનાથી વિજયી ગોલ થયો

105 મિનિટ સુધી આર્જેન્ટિનાના ગોલકીપર માર્ટિનેઝને ન ભેદી શક્યા બાદ 106મી મિનિટે સ્પેને યોજનાબદ્ધ રમત બતાવી હતી. મિડફીલ્ડમાંથી પાસિંગ ગેમ શરૂ કરીને પાઉ કુબારસી, માર્ક કુકુરેલા, એરિક ગાર્સિયા અને ઝુબીમેન્ડીએ બોલ લામિન યમાલ સુધી પહોંચાડ્યો હતો. યમાલે પેડ્રો પોરોને પાસ આપ્યો, જેમણે ક્રોસ શૂટ કર્યો જે લાઇન બહાર જઈ રહ્યો હતો. પરંતુ 75મી મિનિટે સબસ્ટિટ્યૂટ થઈને આવેલા નિકો વિલિયમ્સે હેડર મારી બોલને અંદર ફેરાન ટોરેસ તરફ ડાયવર્ટ કર્યો હતો. સેકન્ડ હાફમાં આવેલા સબસ્ટિટ્યૂટ ફેરાન ટોરેસે ડાબા પગથી પરફેક્ટ કનેક્ટ કરીને ગોલ ફટકાર્યો હતો. કોચ લુઇસ ડે લા ફુએન્ટે જણાવ્યું કે આ ક્ષણે તેમને 2010 વર્લ્ડકપમાં ઇનિયેસ્ટાના ઐતિહાસિક ગોલની યાદ અપાવી દીધી હતી.

ઐતિહાસિક હાફ-ટાઇમ શોમાં મેડોના, BTS અને શકીરાએ સ્ટેડિયમ ગજવી દીધું

ફીફા વર્લ્ડકપ 2026ની ફાઇનલ મેચ હાફ-ટાઇમ શો એક ભવ્ય મ્યુઝિક કન્સર્ટમાં ફેરવાઈ ગયો હતો. ન્યૂ જર્સીના મેટલાઇફ સ્ટેડિયમમાં પોપ ક્વીન મેડોનાએ રોનાલ્ડો અને રોનાલ્ડિન્હો સાથે ડ્યુન બગીમાં એન્ટ્રી કરીને શોની ધમાકેદાર શરૂઆત કરી હતી. ત્યારબાદ K-પોપ ગ્રુપ BTSએ પોતાના હિટ સોંગ 'ડાયનામાઈટ' પર શાનદાર પરફોર્મન્સ આપ્યું હતું. અંતમાં શકીરા, બર્ના બોય અને ઉગાન્ડાના ઘેટ્ટો કિડ્સે વર્લ્ડ કપના ઓફિશિયલ સોંગ 'ડાઈ ડાઈ' પર પ્રસ્તુતિ આપીને દર્શકોને ઝૂમી ઉઠવા મજબૂર કર્યા હતા. ફીફા વર્લ્ડકપના ઈતિહાસમાં પ્રથમ વખત ફાઈનલના હાફ ટાઈમમાં શો રાખવામાં આવ્યો હતો, જેના કારણે હાફ ટાઈમ લંબાવીને 30 મિનિટનો કરવામાં આવ્યો હતો.



શોરબકોર ન હોય તો મજા નથી આવતી: રિટાયરમેન્ટ પર રોહિતનો જવાબ

હું રમીશ ત્યાં સુધી ચર્ચા અને શોરબકોર ચાલુ જ રહેશે

મારું કામ મેદાનની અંદર રન બનાવવાનું છે

લંડન, તા. 20 (પીટીઆઈ): મુખ્ય હેડિંગ: લંડનના લોર્ડ્સ મેદાન પર ઇંગ્લેન્ડ સામે રમાયેલી વનડે મેચમાં ભારતીય ટીમને 27 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ 39 વર્ષીય વનડે ક્રિકેટર રોહિત શર્માએ 138 રનની શાનદાર સદી ફટકારી હતી. રોહિતે પોતાની રિટાયરમેન્ટથી સંબંધિત અટકળોને દૂર કરી હતી અને કહ્યું હતું, 'જ્યારથી મેં ડેબ્યુ કર્યું છે ત્યારથી બહારનો શોરબકોર ચાલુ જ છે. હું રમીશ ત્યાં સુધી આ અટકળો ચાલતી જ રહેશે. આ જ કારણથી મને આનાથી કોઈ ફરક પડતો નથી.'

BCCI.TV સાથે વાત કરતા રોહિતે વધુમાં કહ્યુંહું ટીમના વિજય માટે મારું શ્રેષ્ઠ યોગદાન આપવાનો પ્રયાસ કરું છું. બહારનો શોર થવા દો, જો બહાર આવો શોર ન થાય તો મજા નહીં આવે! મારું કામ મેદાનની અંદર બેટથી રન બનાવવાનું છે, જ્યારે બહારના લોકોનું કામ વાતો કરવાનું છે.'

લોર્ડ્સમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની જોડીએ 400મી મેચ રમી રેકોર્ડ બનાવ્યો હતો. કોહલી સાથેની રમત અંગે રોહિતે કહ્યું કે, 'અમે આખી કારકિર્દી સાથે રમ્યા છીએ. મેદાનમાં સાથે બેટિંગ કરવી અને વિચારો શેર કરવા હંમેશા આનંદદાયક રહે છે.'

બર્મિંગહામમાં જીત સાથે શ્રેણીની શરૂઆત કર્યા પછી સિરીઝ હારવા અંગે રોહિતે નિરાશા વ્યક્ત કરી હતી. તેણે સ્વીકાર્યું કે ટીમ 20-25 રનથી પાછળ રહી ગઈ હતી. અનુભવ વગરના ભારતીય ફાસ્ટ બોલરોનો બચાવ કરતા રોહિતે ઉમેર્યું હતું કે આ બોલરોએ વધારે વનડે રમી નથી, તેથી તેમને સમય આપવો પડશે અને આ ભૂલોમાંથી શીખીને આગળ વધવું પડશે.

અનુસંધાન ... પાના પહેલાનું

સંસદમાં ચોમાસુ...

સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. આથી પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સ્પીકર ઓમ બિરલાએ કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી મુલતવી રાખી હતી. બપોરે ૧૨ વાગ્યે જ્યારે ગૃહ ફરી મળ્યું ત્યારે પણ હોબાળો ચાલુ રહ્યો હતો અને ગૃહની કાર્યવાહી ૧૨:૩૦ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી. કાર્યવાહી મુલતવી રહે તે પહેલાં, કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાળે એક વટહુકમનું સ્થાન લેતું બિલ રજૂ કર્યું હતું, જે હેઠળ ભારતના મુખ્ય ન્યાયાધીશ(CJI) સહિત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ કરવામાં આવી છે. મધ્યાહન પછી પણ ગૃહમાં ધમાલ ચાલુ રહી હતી છેવટે ગૃહ દિવસભર માટે મોકૂફ રાખી દેવાયું હતું.

સંસદમાં દરેક અવાજને...

સંસદ પરિસરમાં પત્રકારોને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે, મોસમનું ચોમાસું તેની સકારાત્મક અસર બતાવવાનું શરૂ કરી રહ્યું છે અને સંસદનું ચોમાસુ સત્ર પણ શરૂ થઈ રહ્યું છે. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગૃહમાં અર્થપૂર્ણ ચર્ચાઓ થવી જોઈએ અને દેશને આગળ લઈ જવા માટે સામૂહિક સંકલ્પો લેવા જોઈએ. આપણા ગૃહમાં પક્ષોથી પર ઘણા અનુભવી સંસદસભ્યો છે, જેમના જ્ઞાન અને વિવેકની સંસદ અને દેશને જરૂર છે. તેથી, સંસદ ચાલવી જોઈએ, અર્થપૂર્ણ ચર્ચાઓ થવી જોઈએ અને દેશને આગળ લઈ જવા માટે સામૂહિક સંકલ્પો લેવા જોઈએ. આ સમયની માંગ છે અને યુવાનોની આકાંક્ષા છે એમ તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું, મારું માનવું છે કે જ્યાં તથ્યો હોય ત્યાં અશાંતિ કે હંગામાની જરૂર નથી હોતી. જો તમારા તર્ક અને તથ્યો મજબૂત હોય, તો તમારે અવાજ ઉઠાવવાની જરૂર નથી.

હું 56 વર્ષના...

વાત નથી કરી રહ્યા. તેમણે કહ્યું કે ગયા વર્ષે મોનસૂન સત્ર પહેલાં ગૌરવની ક્ષણો આવી હતી જ્યારે એક ભારતીય નાગરિક આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન પર પહોંચ્યો હતો અને પરમદિવસે જ એક ભારતીય યુવા સ્ટાર્ટ-અપે અસાધારણ સિદ્ધિ હાસિલ કરી છે. મને કહેવામાં આવ્યું છે કે સ્કાઇરૂટ સ્ટાર્ટ-અપમાં કામ કરતી ટીમની સરેરાશ ઉમર માત્ર 28 વર્ષ છે. આ યુવા મગજો જ છે જેમણે આ શક્ય બનાવ્યું છે. હું કોઈ 56 વર્ષના યુવાનની વાત નથી કરી રહ્યો; હું એક એવા સ્ટાર્ટ-અપની વાત કરી રહ્યો છું જેની ટીમે, જેની સરેરાશ ઉમર માત્ર 28 વર્ષ છે, સ્પેસના ક્ષેત્રમાં ભારતનો ઝંડો લહેરાવ્યો છે એમ તેમણે કહ્યું. ઉલ્લેખનીય છે કે લોકસભામાં વિપક્ષના નેતા ગાંધી આ વર્ષે 19 જૂને 56 વર્ષના થયા છે.

શિક્ષણમંત્રીના રાજીનામા...

આશ્વાસન આપ્યું હતું કે સરકારનું નેતૃત્વ તેમની માંગણીઓ અંગે આંતરિક ચર્ચા કરશે અને ત્યારબાદ તેમને જવાબ આપશે.

CJPના જણાવ્યા અનુસાર, મંત્રીના નિવાસસ્થાને તેમના પ્રવક્તા આશુતોષ રાંકા અને સૌરવ દાસે બે કલાકમાં બે વાર નડ્ડા સાથે મુલાકાત કરી હતી, નડ્ડા સરકારના દૂત તરીકે આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે પોતાની માંગણીઓ દર્શાવતું આવેદનપત્ર સોંપ્યું હતું, જેમાં પરીક્ષામાં કથિત ગેરરીતિઓને લઈને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ પણ સામેલ છે. સરકાર અને યુવાનોની આગેવાની હેઠળની CJP વચ્ચેનો આ પ્રથમ પ્રત્યક્ષ સંપર્ક એવા સમયે થયો જ્યારે પોલીસે પ્રદર્શનકારીઓને સંસદ તરફ જતા રોકવા માટે અશ્રુવાયુ અને લાઠીચાર્જ કરીને કાર્યવાહી કરી હતી. એક નિવેદનમાં નડ્ડાએ જણાવ્યું હતું કે પ્રદર્શનકારીઓ દ્વારા દિવસ દરમિયાન વાટાઘાટોનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યા બાદ સવારે ૧૧:૫૦ વાગ્યાથી તેમની સાથે ચર્ચા ચાલી રહી હતી. તેમણે કહ્યું, આ બેઠક સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી.

CJPએ સરકાર...

આપવું જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું કે અમને ફક્ત એ જ આશ્વાસન મળ્યું છે કે તેઓ નેતૃત્વ સાથે વાત કરશે અને તારણો જણાવશે.

CJPની '...

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારે નવી દિલ્હી જિલ્લામાં CJP પ્રદર્શનકારીઓ સાથે થયેલી હિંસક ઝડપમાં 50થી વધુ પોલીસ કર્મચારીઓ અને પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા. સૂત્રોએ વધુમાં ઉમેર્યું હતું કે આશરે 100 લોકોની અટકાયત કરવામાં આવી હતી. સંખ્યાબંધ વિરોધ પ્રદર્શનકારીઓને પણ ઈજા થઈ હતી અને સંસદ સુધી કૂચ જવા દેવાઈ ન હતી.

વરસાદની પરવા કર્યા વિના, તેઓ જ્યાં જગ્યા મળી ત્યાં-જંતર મંતર આસપાસની ગલીઓમાં, કનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્કમાં અને મેટ્રો સ્ટેશનોની બહાર એકઠા થયા હતા. તોડફોડના બનાવો પણ સામે આવ્યા હતા. વાયરલ વિડીયોમાં કનોટ પ્લેસના રોડ પર પથ્થરો અને ભીડ દ્વારા પાર્ક કરેલા વાહનોને નુકસાન પહોંચાડતા જોઈ શકાતું હતું. CJP એ એક નિવેદનમાં જણાવ્યું કે આ વિરોધ પ્રદર્શન, જેણે ઉગ્ર અને હિંસક રૂપ ધારણ કરી લીધું હતું, તે હવે શાંતિપૂર્ણ રીતે ચાલુ રહેશે. CJPના સ્થાપક અભિજીત દીપ્કે, જેમણે વાંગચુકને 21 દિવસના અન્નત્યાગ પછી જંતર મંતર પરથી બળજબરીપૂર્વક હટાવવામાં આવ્યા બાદ ઉપવાસ શરૂ કર્યા હતા, તેમને પણ તે સ્થળેથી કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. બાદમાં દીપ્કે અને વાંગચુકના પત્ની ગીતાંજલિ આંગમો સહિત અન્ય લોકો નજીકના કેરળ હાઉસ ખાતે ખસી ગયા હતા અને ત્યાં તેમણે પોતાના ધરણા ચાલુ રાખ્યા હતા.

હિમાલયન રાજ્યોમાં...

જુલાઈના રોજ જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં કેટલાક સ્થળોએ ખૂબ જ ભારે વરસાદ, તથા 20 જુલાઈના રોજ ઉત્તરાખંડ, બિહાર, અસમ અને મેઘાલયમાં ભારે વરસાદની આગાહી કરી હતી, જેની વચ્ચે જાનહાનિના આંકડામાં વધારો થયો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે આગામી 4-5 દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ ભારતમાં ચોમાસું સક્રિય રહેવાની શક્યતા છે. હવામાન કાર્યાલયના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડી પર સર્જાયેલી લો-પ્રેશર સિસ્ટમ નબળી પડવાને કારણે અને ઉત્તર ભારત પર ચોમાસાના પવનો મજબૂત થવાને લીધે આ સક્રિય ચોમાસાની સ્થિતિ સર્જાઈ છે. જમ્મુ-કાશ્મીર સૌથી વધુ પ્રભાવિત રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જમ્મુમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં એક માતા અને તેના બે બાળકો સહિત ઓછામાં ઓછા 11 લોકોના મોત થયા છે, જેથી છેલ્લા બે દિવસમાં મૃત્યુઆંક વધીને 23 થયો છે. સાત લોકો હજુ પણ લાપતા છે. એક કાળજું કંપાવી દે તેવી ઘટનામાં, પૂંછના લોરનના ઉપરના વિસ્તારમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને લીધે માટીનું મકાન ધસી પડતાં એક મહિલા અને તેના બે બાળકો સહિત સાત લોકો જીવતા દટાઈ ગયા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ભારે વરસાદને કારણે બસ પર પથ્થર ધસી આવતા ત્રણનાં મોતનો પણ બનાવ બન્યો હતો તથા સાતને ઈજા થઈ હતી.

ઉત્તરાખંડમાં સતત પડી રહેલા વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને લીધે ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત લગભગ 150 રસ્તાઓ બંધ થઈ ગયા છે. તેના પગલે સાવચેતીના ભાગરૂપે વહીવટીતંત્રે સોમવારે ચારધામ યાત્રા અસ્થાયી રૂપે મુલતવી રાખી છે. બાગેશ્વર જિલ્લાના કપકોટ વિસ્તારમાં સરયૂ નદીના ધસમસતા પ્રવાહમાં આઠ વર્ષનું એક બાળક તણાઈ ગયું હતું. ભારે વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને અને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

વરસાદ અને...

બાળક મંદિર ખાતે શિવલિંગ પર જળાભિષેક કરવા માટે પાણી લાવવા પોતાની માતા સાથે નદી કિનારે ગયો હતો, ત્યારે તે નદીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયો હતો. ગઢવાલ કમિશનર આનંદ સ્વરૂપે તમામ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટો અને અધિકારીઓને સૂચના આપી છે કે, તેઓ હાલમાં યાત્રાના માર્ગો પર રહેલા યાત્રાળુઓને સુરક્ષિત સ્થળોએ રોકાણની વ્યવસ્થા સુનિશ્ચિત કરે અને જ્યાં સુધી માર્ગો સંપૂર્ણપણે સુરક્ષિત જાહેર ન થાય ત્યાં સુધી કોઈ પણ યાત્રાળુને આગળ વધવા દેવામાં ન આવે. હવામાન વિભાગે સોમવાર માટે દેહરાદૂન, ટિહરી અને હરિદ્વાર જિલ્લાઓ માટે ભારેથી અતિ ભારે વરસાદનું 'રેડ એલર્ટ' અને બાકીના જિલ્લાઓ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે.

વરસાદના કારણે...

વિવિધ બેઝ કેમ્પ અને રોકાણ કેન્દ્રો પર સેંકડો શ્રદ્ધાળુઓ ફસાયા છે. હાલવે પર સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે જેથી યાત્રાળુઓને લઈ જતું કોઈપણ વાહન કાશ્મીર તરફ આગળ ન વધે. એ જ રીતે, રિયાસી જિલ્લાની ત્રિકુટા ટેકરીઓ પર આવેલા માતા વૈષ્ણોદેવીના ગુફા મંદિરની યાત્રા પણ બીજા દિવસે સ્થગિત રહી હતી, જેમાં પોલીસ કટરા બેઝ કેમ્પ ખાતે લાઉડસ્પીકર પર યાત્રા સ્થગિત હોવાની જાહેરાતો કરી રહી છે. જાહેરાતમાં કહેવામાં આવ્યું છે, "યાત્રા સ્થગિત કરવામાં આવી છે.

સિક્કિમમાં ભૂસ્ખલન બાદ...

કે, "બચાવ કામગીરી ચાલી રહી છે, પરંતુ સુરંગની અંદર ગેસની હાજરીને કારણે કામગીરી જટિલ બની છે. ફસાયેલા શ્રમિકો સુધી પહોંચવાનો પ્રયાસ કરતી વખતે કેટલાક બચાવકર્મીઓને ચક્કર આવ્યા હતા અને તેઓ બેભાન થઈ ગયા હતા." અધિકારીએ ઉમેર્યું હતું કે, "એમ્બ્યુલન્સને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે, જ્યારે ગેસ માસ્કથી સજ્જ બચાવકર્મીઓ સુરંગની અંદર ફસાયેલા શ્રમિકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે." આ સુરંગ હાઇવે પ્રોજેક્ટના ભાગરૂપે બનાવવામાં આવી રહી છે.

અસમમાં પૂરથી...

વિશ્વનાથ, કચર, ચરાઈદેવ, ચિરાંગ, ધેમાજી, ડિબ્રુગઢ, ગોલાઘાટ, જોરહાટ, કામરૂપ, કામરૂપ મેટ્રોપોલિટન, કાર્બી આંગલોંગ, નાગાંવ, શિવસાગર, તિનસુકિયા અને ઉદાલગુરી જિલ્લામાં ૩,૬૨,૦૦૦ થી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. શિવસાગર સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લો છે, જ્યાં લગભગ ૧.૫૮ લાખ લોકો પ્રભાવિત થયા છે. ત્યારબાદ ચરાઈદેવમાં આશરે ૧.૦૫ લાખ અને જોરહાટમાં લગભગ ૫૧,૦૦૦ લોકો પૂરના પાણીની ચપેટમાં આવ્યા છે. બુલેટિનમાં જણાવ્યા મુજબ, રવિવારની સરખામણીએ પૂરની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. રવિવારે સાત જિલ્લામાં ૫૭,૦૦૦ થી વધુ લોકો પૂરથી અસરગ્રસ્ત હતા.

દિલ્હી ડાયરી...

માથાંઓ, જેઓ રામ મંદિર સાથે નજીકથી જોડાયેલાં છે, તેઓ સામે કાર્યવાહી થશે કે નહીં તે જોવાનું બાકી છે. અત્યાર સુધી માત્ર નાના કર્મચારીઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.